અપીલ અરજી નં.૧૫૨/ ૦૮–૦૯ તા.૨–૯–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૫–૭–૦૮ નીઅરજીથી ૧૧/૧૫૦૧ નો પ્લાન કયારે પાસ થયો? અને કેટલા માળનો પ્લાન છે? તેમાં ભોંયતળીયું કોમર્શીયલ છે કે રેસીડન્સ બાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૫૨/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૨૫–૭–૦૮ ની અરજીથી ૧૧/૧૫૦૧ નો પ્લાન કયારે પાસ થયો? અને કેટલા માળ નો પ્લાન છે? તેમાં ભોંયતળીયું કોમર્શીયલ છે કે રેસીડન્સ બાબતે માહિતી આપવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં.સે.ઝોન/આ. ૫૯૪ તા.૨૫–૮–૦૮થી આપેલ જવાબ સત્યથી વેગળા હોવાથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૨૫ તા.૧૦–૯–૦૮થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન/સે.ઝોન/૭૨૩ તા.૧૯–૯–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા.૨૫–૭–૦૮ ની અરજીથી માંગેલ માહિતી આરટીઆઈ/સે.ઝોન/આ.નં.૫૯૪ તા.૨૫–૮–૦૮ થી મુદ્દા નં.૧ થી ૪ અને ૬ ની માહિતી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તથા મુદ્દા નં.૫ ની માહિતી જાવક નં.પીએચડી/ફુડ/૯૬૬ તા.૨૭–૮–૦૮ થી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ અંગે "મિલ્કત ઘણા વર્ષો જુની હોઈ અત્રેની ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં સદર મિલ્કતની પ્લાન અંગેની વિગતો ઉપલબ્ધ ન હોઈ સ્પષ્ટતા થઈ શકે તેમ નથી." તેવા પાઠવેલ જાહેર માહિતી અધિકારીના પ્રત્યુત્તર સામે અરજદારે અપીલ અરજીમાં રેકર્ડની માહિતીની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા આરટીઆઈની કલમ–૮ ના કોઈ ચોકકસ અપવાદ હેઠળ માહિતીનો ઈન્કાર અરજદારને જણાવેલ નથી કે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવા અંગેનો આધાર જણાવેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૫–૭–૦૮ની અરજીથી માંગ્યા પૈકી મુદ્દા નં.૧ સિવાયની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧ બાબતે પ્લાનની વિગતો ઉપલબ્ધ ન હોઈ તેવી માહિતી સામે અપીલમાં અરજદારે રેકર્ડની માંગણી કરેલ છે. સાથે આ બાબતે અગાઉ માહિતી હેઠળની મિલ્કત અંગે થયેલ અરજીઓ તા.૧૯–૪–૦૪ ,૭–૩–૯૫ અને ૨–૨–૦૨ ની નકલો જે સેન્ટ્રલ ઝોનને મોકલેલ તે રજૂ કરેલ છે. તે ધ્યાને લેતાં અરજદારને સદર અરજી અને મિલ્કત અંગેના લાગત દફતરનું ઈન્સ્પેકશન દિન–૭માં પુરું પાડવા તથા ઈન્સ્પેકશન અંગે માંગે તે નકલો કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી પૂરી પાડવા તથા દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે હકીકતલક્ષી વિગતો પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે. અરજદારે અપીલમાં ઉપરોકત કરેલ મુદ્દા નં.૫ અંગે આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ પગલા ભરવાની સત્તા રાજય આયોગને છે. તેથી અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,